


**Insurance Plans With Savings**

## SBI Life - Smart Bachat

UIN:111N108V03

જીવન એટલે આગળ વધવું અને વિવિધ સફળતાઓથી ભરેલી યાદગાર ક્ષણો તરફ દ્રષ્ટિ કરવી. એસબીઆઈ લાઈફ – સ્માર્ટ બચત સાથે, તમે જીવનના દરેક તબક્કે આર્થિક જરૂરિયાતો માટે તમારી બચત જમા કરી શકો છો, જેથી તમે આકાંક્ષા રાખો છો એવા ભવિષ્યને સાકાર કરવા સાથે તમારા પરિવારને સુરક્ષા પણ પૂરી પાડી શકો.

### મુખ્ય લાભો

- તમારા આર્થિક લક્ષ્યોને સુરક્ષિત કરો મર્યાદિત પ્રીમિયમ ચૂકવણી વિકલ્પો સાથે
- લાઈફ કવર સાથે ઈન–બિલ્ટ એક્સિડન્ટ બેનિફિટ#નો વિકલ્પ
- વધારાના સુરક્ષા ઉપાય એક તરીકે પ્રીમિયમ માફી+ ઉપલબ્ધ

**Toll-free No.:** 1800 267 9090
(Between 9.00 am & 9.00 pm)

SMS '**LIBERATE**' to 56161
**Email:** info@sbilife.co.in

SBI Life
તમારા માટે. તમારા આત્મજનો માટે.

#વિકલ્પ એ : એન્ડોવમેન્ટ વિકલ્પ અને વિકલ્પ બી : એન્ડોવમેન્ટ વિકલ્પ સહિત ઈન–બિલ્ટ એક્સિડેન્ટલ ડેથ અને ટોટલ પર્મેનન્ટ ડિસએબિલિટી (એડી અને ટીપીડી) બેનિફિટ
+અકસ્માતને લીધે થતી ટોટલ અને પર્મેનન્ટ ડિસેબિલિટીના કિસ્સામાં માત્ર વિકલ્પ બી સાથે ઉપલબ્ધ.

## એસબીઆઈ લાઈફ – સ્માર્ટ બચત શા માટે?

એસબીઆઈ લાઈફ – સ્માર્ટ બચત એક ઈન્ડિવિજ્યુઅલ, નૉન–લિંક્ડ, પાર્ટિસિપેટિંગ લાઈફ ઈન્શ્યૉરન્સ સેવિંગ્સ પ્રોડક્ટ છે.

**મુખ્ય વિશેષતાઓ**

- તમારી વીમા જરૂરિયાતોના આધારે બે વિકલ્પોમાંથી પસંદગીની સુવિધા
  - **વિકલ્પ એ :** એન્ડોવમેન્ટ વિકલ્પ
  - **વિકલ્પ બી :** એન્ડોવમેન્ટ વિકલ્પ ઈન–બિલ્ટ એડી અને ટીપીડી બેનિફિટ સહિત
- આમાંથી પસંદગી કરવાની સુવિધા
  - 6, 7, 10 અને 15 વર્ષની પ્રીમિયમ ચૂકવણી મુદત
  - તમારા આર્થિક લક્ષ્યોના આધારે 12થી 25 વર્ષ સુધીની પૉલિસી મુદત
- **પ્રીમિયમ માફી,** એક્સિડેન્ટલ ટોટલ અને પર્મેનન્ટ ડિસએબિલિટીના કિસ્સામાં (માત્ર વિકલ્પ બી હેઠળ)
- સંપૂર્ણ **પૉલિસી મુદત માટે** એટલે કે પ્રીમિયમ પેમેન્ટ ટર્મ પછી પણ **લાઈફ કવર**
- મોટી વીમા રકમ પર **વળતર**
- આવકવેરા ધારો, 1961 અંતર્ગત પ્રવર્તમાન ધોરણો અનુસાર **કર લાભો****

**કર લાભો, આવકવેરા કાયદાની જોગવાઈઓ અનુસાર છે અને વખતોવખત તેમાં થતા ફેરફારને આધિન છે. કૃપા કરી વિગતો માટે તમારા કર સલાહકારની સલાહ લો.


## નમૂના ઉદાહરણ

| **મિ. વિજય એ એસબીઆઈ લાઈફ – સ્માર્ટ બચત (વિકલ્પ એ) પસંદ કરેલ છે. જેની વિગતો નીચે મુજબ છે :** | | | |
|---|---|---|---|
| **વીમિત વ્યક્તિની ઉંમર :** 35 વર્ષ | **પ્રીમિયમની વારંવારતા :** વાર્ષિક | **પૉલિસી મુદત :** 12 વર્ષ | **પ્રીમિયમ ચૂકવણી મુદત :** 6 વર્ષ |
| **મૂળભૂત વીમા રકમ :** ₹1,00,000 | **વાર્ષિકીકૃત પ્રીમિયમ :** ₹15,382 દર વર્ષ (લાગુ થતા કરવેરા સિવાય) | | |

### વિકલ્પ એ : એન્ડોવમેન્ટ વિકલ્પ

**ડેથ બેનિફિટ (મૃત્યુ લાભ) :**

5મા પૉલિસી વર્ષના અંતે વિજયનું દુર્ભાગ્યપૂર્ણ મૃત્યુ થવાના કિસ્સામાં, નોમિની અથવા લાભાર્થી દૃષ્ટાંતમાં દર્શાવ્યા પ્રમાણે મૃત્યુ લાભ મેળવશે.




**12 વર્ષની સંપૂર્ણ પૉલિસી મુદત દરમિયાન લાઈફ કવર**

**મેચ્યોરિટી બેનિફિટ :**

જો વિજય પૉલિસી મુદત પૂરી થતા સુધી જીવીત રહે તો તેઓ નીચે આપેલા દષ્ટાંતમાં જણાવ્યા મુજબ મેચ્યોરિટી બેનિફિટ મેળવશે.





^^આંકડાઓ માત્ર દષ્ટાંત હેતુસર અને સ્વસ્થ જીવન માટે છે. ઉપર જણાવેલા 4% અને 8% દર વર્ષ વળતરના અનુમાનિત દરો લાગુ થતા બધાં જ ચાર્જિસ ધ્યાનમાં લીધા પછી માત્ર આ દરે દષ્ટાંતરૂપ સીનારિયો છે. બોનસ દરો બોનસ જમા થવાના મુદત દરમિયાન સ્થિર રહેવાનું અનુમાન છે, જ્યારે વાસ્તવિક બોનસ કંપનીના રોકાણ અનુભવ આધારે બદલાઈ શકે છે. આ ગૅરંટેડ નથી અને તે વળતરની ઉચ્ચ અથવા નિમ્ન મર્યાદા નથી. વળતરો ભાવિ રોકાણ કામગીરી સહિત અન્ય કેટલાંક પરિબળો પર આધારિત રહે છે. વધુ માહિતી માટે કૃપા કરી તમારા પૉલિસી વિશિષ્ટ લાભ દષ્ટાંત માટે વિનંતી કરો.

## ઉદાહરણ

| મિ. વિજય એ એસબીઆઈ લાઈફ – સ્માર્ટ બચત (વિકલ્પ બી) પસંદ કરેલ છે. જેની વિગતો નીચે મુજબ છે : | | | |
|---|---|---|---|
| **વીમિત વ્યક્તિની ઉંમર :** 35 વર્ષ | **પ્રીમિયમની વારંવારતા :** વાર્ષિક | **પૉલિસી મુદત :** 12 વર્ષ | **પ્રીમિયમ ચૂકવણી મુદત :** 6 વર્ષ |
| **મૂળભૂત વીમા રકમ :** ₹1,00,000 | **વાર્ષિકીકૃત પ્રીમિયમ :** ₹15,510 દર વર્ષ (લાગુ થતા કરવેરા સિવાય) | | |


**ડેથ બેનિફિટ (મૃત્યુ લાભ) :**

8મા પૉલિસી વર્ષના અંતે વિજયનું દુર્ભાગ્યપૂર્ણ મૃત્યુ થવાના કિસ્સામાં, નોમિની અથવા લાભાર્થી દષ્ટાંતમાં દર્શાવ્યા પ્રમાણે મૃત્યુ લાભ મેળવશે.




**મેચ્યોરિટી બેનિફિટ :**

જો વિજય પૉલિસી મુદત પૂરી થતા સુધી જીવીત રહે તો તેઓ નીચે આપેલા દષ્ટાંતમાં જણાવ્યા મુજબ મેચ્યોરિટી બેનિફિટ મેળવશે.




^^આંકડાઓ માત્ર દષ્ટાંત હેતુસર અને સ્વસ્થ જીવન માટે છે. ઉપર જણાવેલા 4% અને 8% દર વર્ષ વળતરના અનુમાનિત દરો લાગુ થતા બધાં જ ચાર્જિસ ધ્યાનમાં લીધા પછી માત્ર આ દરે દષ્ટાંતરૂપ સીનારિયો છે. બોનસ દરો બોનસ જમા થવાના મુદત દરમિયાન સ્થિર રહેવાનું અનુમાન છે, જ્યારે વાસ્તવિક બોનસ કંપનીના રોકાણ અનુભવ આધારે બદલાઈ શકે છે. આ ગૅરંટેડ નથી અને તે વળતરની ઉચ્ચ અથવા નિમ્ન મર્યાદા નથી. વળતરો ભાવિ રોકાણ કામગીરી સહિત અન્ય કેટલાંક પરિબળો પર આધારિત રહે છે. વધુ માહિતી માટે કૃપા કરી તમારા પૉલિસી વિશિષ્ટ લાભ દષ્ટાંત માટે વિનંતી કરો.

## એસબીઆઈ લાઈફ – સ્માર્ટ બચત પર એક નજર

| | | |
|---|---|---|
| વિકલ્પો | વિકલ્પ એ : એન્ડોવમેન્ટ વિકલ્પ<br>વિકલ્પ બી : એન્ડોવમેન્ટ વિકલ્પ ઈન-બિલ્ટ એક્સિડેન્ટલ ડેથ અને ટોટલ પર્મેનન્ટ ડિસએબિલિટી (એડી અને ટીપીડી) બેનિફિટ સહિત | |
| પ્રવેશ સમયે ઉંમર^ | ઓછામાં ઓછી :<br>વિકલ્પ એ : 6 વર્ષ; વિકલ્પ બી : 18 વર્ષ | વધુમાં વધુ : 50 વર્ષ |
| પાકતી મુદતે વધુમાં વધુ ઉંમર^ | 65 વર્ષ | |
| મૂળભૂત વીમા રકમ | ઓછામાં ઓછી : ₹100,000 (₹1,000ના ગુણાંકમાં) | વધુમાં વધુ : કોઈ સીમા નથી, બોર્ડ માન્ય અંડરરાઈટિંગ નીતિને આધિન |
| પ્રીમિયમ ચૂકવણી મુદત અને સંબંધિત પૉલિસી મુદત | પ્રીમિયમ ચૂકવણી મુદત (વર્ષ) | પૉલિસી મુદત (વર્ષ) (બંને સહિત) |
| | 6 | 12 – 25 |
| | 7 | 12 – 25 |
| | 10 | 15 – 25 |
| | 15 | 20 – 25 |
| પ્રીમિયમની વારંવારતા | વાર્ષિક/અર્ધ-વાર્ષિક/ત્રૈમાસિક/માસિક# | |
| પ્રીમિયમ વારંવારતા લૉર્ડિંગ | અર્ધ-વાર્ષિક : વાર્ષિક પ્રીમિયમના 51.00%<br>ત્રૈમાસિક : વાર્ષિક પ્રીમિયમના 26.00%<br>માસિક : વાર્ષિક પ્રીમિયમના 8.50% | |
| પ્રીમિયમ (બંને વિકલ્પો માટે લાગુ) | ઓછામાં ઓછી | વધુમાં વધુ |
| | વાર્ષિક : ₹5,100 | વીમા રકમ આધારે, બોર્ડ માન્ય અંડરરાઈટિંગ નીતિને આધિન |
| | અર્ધ-વાર્ષિક : ₹2,600 | |
| | ત્રૈમાસિક : ₹1,350 | |
| | માસિક# : ₹450 | |

^ઉંમર સંબંધિત બધા જ સંદર્ભો છેલ્લા જન્મ દિવસ મુજબ ઉંમર માટેના છે.
#માસિક પ્રકાર માટે, 3 મહિનાનું સુધીની પ્રીમિયમ એડવાન્સમાં ભરવાનું રહે છે. રીન્યૂઅલ પ્રીમિયમની ચૂકવણી માત્ર ઈલેક્ટ્રૉનિક કલીઅરિંગ સિસ્ટમ (ECS) અથવા સ્ટેન્ડિંગ ઈન્સ્ટ્રક્શન્સ (જેમાં ચૂકવણી બૅન્ક એકાઉન્ટમાંથી ડાયરેક્ટ ડેબિટ કરીને અથવા ક્રેડિટ કાર્ડ દ્વારા કરવામાં આવે છે) દ્વારા જ કરી શકાશે. મંથલી સેલેરી સેવિંગ્સ સ્કીમ (SSS) માટે 2 મહિનાનું સુધીની પ્રીમિયમ એડવાન્સમાં ભરવાનું રહેશે અને રીન્યુઅલ પ્રીમિયમની ચૂકવણી માત્ર સેલેરી કપાત મારફત જ માન્ય છે.

## વળતર પર પ્રતિબંધ

**વખતો વખત સુધારો કરાતી વીમા ધારા 1938ની કલમ 41 :**

1) કોઈપણ વ્યક્તિએ કોઈપણ વ્યક્તિને જીવન અથવા ભારતમાં મિલ્કત સંબંધિત કોઈપણ પ્રકારના જોખમો સંદર્ભે વીમો લેવા અથવા રિન્યુ કરવા અથવા ચાલુ રાખવા પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે ચૂકવવાપાત્ર કમિશનની પૂરેપૂરી અથવા આંશિક રકમનું વળતર અથવા પૉલિસીમાં દર્શાવેલા પ્રીમિયમની કોઈપણ છૂટ પ્રલોભન તરીકે આપવી કે આપવા ન દેવી જોઈએ, ન તો પૉલિસી લેનાર, રિન્યુ કરનાર અથવા ચાલુ રાખનાર વ્યક્તિએ આવી કોઈપણ છૂટ સ્વીકારવી જોઈએ સિવાય કે વીમો કરનારના પ્રકાશિત કરાતા પ્રોસ્પેક્ટસ અથવા ટેબલો અનુસાર માન્ય છૂટ હોય.
2) આ કલમની જોગવાઈઓના પાલનમાં કસૂરવાર ઠરનાર કોઈપણ વ્યક્તિ દંડને પાત્ર રહેશે જે ₹10 લાખ સુધી વધી શકે છે.

**Toll-free No.:** 1800 267 9090 | SMS '**LIBERATE**' to 56161 | **Email:** info@sbilife.co.in | **Web:** www.sbilife.co.in
(Between 9.00 am & 9.00 pm)

એસબીઆઈ લાઈફ – સ્માર્ટ બચત એક ઈન્ડિવિજ્યુઅલ, નૉન-લિંક્ડ, પાર્ટિસિપેટિંગ લાઈફ ઈન્શ્યૉરન્સ સેવિંગ્સ પ્રોડક્ટ છે.

**છેતરામણીભર્યા ફોન કૉલ્સ અને કાલ્પનિક/છેતરપીંડીવાળી ઓફરોથી સાવધ રહો :**
IRDAI, ઈન્શ્યૉરન્સ પૉલિસી વેચવી, બોનસ જાહેર કરવા કે પ્રીમિયમનું ઈન્વેસ્ટમેન્ટ કરવા જેવી ગતિવિધીઓ સાથે સંકળાયેલી નથી. આવા કૉલ્સ મેળવનાર જાહેર જનતાને વિનંતી છે કે તેઓ પોલિસમાં તેની ફરિયાદ કરે.

જોખમી પરિબળો તથા નિયમો અને શરતો વિશે વધુ વિગતો માટે વેચાણનો નિર્ણય કરતા પહેલા કૃપા કરી સેલ્સ બ્રોશર કાળજીપૂર્વક વાંચો. ઉપર દર્શાવેલ ટ્રેડ લોગો સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયાનો છે અને એસબીઆઈ લાઈફ દ્વારા લાઇસન્સ હેઠળ તેનો ઉપયોગ કરવામાં આવ્યો છે. એસબીઆઈ લાઈફ ઈન્શ્યૉરન્સ કંપની લિમિટેડ, રજિસ્ટર્ડ અને કૉર્પોરેટ ઑફિસ : નટરાજ, એમ. વી. રોડ અને વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે જંક્શન, અંધેરી (પૂર્વ), મુંબઈ- 400 069. **IRDAI રજિ. નં. 111** I CIN:L99999MH2000PLC129113.
NW/2D/ver1/12/21/SP/GUJ